ગાંધીનગર સમાચાર

Regd. No. GNR/65-G

# ગુજરાત વધુ તેજ ગતિથી વિકાસ કરશે : મોદી

## ગુજરાત મોડેલ માટે વિપક્ષ આભારનું અધિકારી : ૧૨ વર્ષમાં ગુજરાતના વિકાસ માટેનું દાયિત્વ પૂરી નિષ્ઠાથી નિભાવ્યું : મોદી



(તસવીર : દિપક જાની)

ગાંધીનગર, તા.૨૧ વિધાનસભામાં આજે મળેલા વિશેષ સત્ર દરમિયાન નરેન્દ્ર મોદીએ જણાવ્યું હતું કે બાર વર્ષમાં ગુજરાતના વિકાસ માટેનું દાયિત્વ પૂરી નિષ્ઠાથી નિભાવ્યું છે. પરંતુ મોદીના ગુજરાતમાંથી ગયા બાદ પણ રાજયનો વધુ તેજ ગતિથી વિકાસ થશે તેમણે ગુજરાતના વિકાસ અને પ્રગતિ માટે તમામ સરકારોનો અને સંસ્થાઓનો મોટો ફાળો રહ્યો હોવાનું પણ જણાવ્યું હતું. ગૃહમાં ભાવનાસભર માહોલમાં મોદીને વિદાયમાન આપવામાં આવ્યું હતું. પ્રધાનમંત્રી પદ સંભાળવા જઈ રહેલા મોદીએ તેમ પણ કહ્યું હતું કે દેશમાં સમસ્યા વધુ પરંતુ સમાધાનના રસ્તાઓ પણ છે.

દેશના પદનામિત વડાપ્રધાન નરેન્દ્ર મોદીનું અભિવાદન કરવા અને શાનદાર વિદાય આપવા આજે યોજાયેલા ખાસ વિધાનસભા સત્ર દરમિયાન નરેન્દ્ર મોદીએ અધ્યક્ષ તેમજ વિપક્ષના નેતાઓનો આભાર માનતા જણાવ્યું હતું કે ગુજરાત મોડેલ ક્ષેત્રે દુનિયામાં ચર્ચા છે. આજની બેઠક ગૃહની પરંપરા ઐતિહાસિક લોકશાહીની ઘટના છે. ગુજરાત મોડેલ માટે વિપક્ષ આભારનું અધિકારી છે. વજુભાએ રાજકોટની બેઠક ખાલી કરી તેના પરિણામે ગૃહમાં પ્રવેશ મેળવ્યો તે ઘટના તેમણે યાદ કરી હતી.

પોતાની સરકારમાં તેમણે લોકશાહી શાસન વ્યવસ્થામાં ધારાસભ્યોને સર્વોપરી ગણ્યા છે તેનો ઉલ્લેખ કરી મુખ્યમંત્રીએ જણાવ્યું કે ગૃહમાં સરકારી તંત્ર વિશે આલોચના જ થવી જોઈએ. ધારાસભ્ય વિપક્ષનો હોય અને પ્રશ્નોત્તરીમાં ના આવ્યો હોય છતાં ધારાસભ્ય પ્રશ્ન પૂછે એટલે તેના મૂળ સુધી જઈને હકિકતો

● અનુસંધાન પાન-૫ પર


## પતિ-પત્ની વચ્ચે મતભેદ માટે કુંડળી ના ગ્રહો જવાબદાર છે

(૧) ભાગ્યરેખા વાંકી-ચૂંકી કે તૂટેલી આ કાલસર્પની નિશાન છે. (૨) મકાનમાં મુખ્ય દરવાજા પાસ પાસે હોય તો વાસ્તુદોષ બને છે. (૩) ન્હાવાના પાણીમાં એક ચમચી દૂધ નાખવાથી ચંદ્ર મજબુત થશે. (૪) હાથમાં ચંદ્ર - બુધ પર્વત પરથી ધો. ૧૦/૧૨ ના ટકા જાણી શકાય. (૫) કુંડળીમાં ખાસ સ્થાનમાં ચંદ્ર હશે તો, વિદેશ જવાશે. (૬) કુંડળીમાં ખાસ સ્થાનોમાં રાહુ લગ્નમાં રૂકાવટો લાવે. (૭) રાજકારણમાં જવા ગુરૂ-સૂર્ય પાવરફૂલ કરો. (૮) પૈસાદાર બનવા ઘર-ઓફિસ - ધંધાના સ્થળે શ્રી યંત્રની પૂજા થવી જોઇએ. (૯) જો ઘરમાં કીડીઓ કે ઉધઇ સતત આવે તો, પિતૃદોષ હશે. (૧૦) પહેલી - ત્રીજી આંગળી એક સરખી હોય તો, આ વ્યક્તિ અમુક બાબત માટે નસીબદાર ગણાય. પાર્ટનર બનાવાય. (૧૧) હાથમાં પિતૃદોષ- કાલસર્પ હોય તો, હાથના દર્શન ન કરવા (૧૨) હાથમાં મંગળ નીચનો હશે તો, ઝઘડા, ક્રોધ, લોહી બિમારી ગર્ભધારણમાં તકલીફ. (૧૩) ઘરમાં કાયમ ઝઘડા, બિમારી, રૂકાવટો, વાંચેલું યાદ ન રહેવું સંતાનો કહ્યામાં ન રહે તો, વાસ્તુવિઝિટ કરાવો. (૧૪) હાથ જોઇ સંતાન શું બનશે તે જાણી શકાય. ડૉક્ટર બનાવવા ખાસ ગ્રહો પાવરફુલ કરો.. વધુ માહિતી આવતા અંકે...

**હસ્તરેખા દર્પણ**
ડૉ. ચંદ્રકાન્ત એસ. નાણાવટી
વાસ્તુ-હસ્તરેખા મહર્ષિ- આચાર્ય

ખાસનોંધ : વાસ્તુ વિઝિટ - હસ્તરેખા - કુંડળી માટે એપોઇન્ટમેન્ટ લેવી.

93761 36727, 97230 96737 (સે.૫/બી, પ્લોટ નં.૬૧૭/૨)


# હવે, વચનો પુરા કરવા પડશે : શંકરસિંહ વાઘેલા

## ભાવિ પી.એમ.ને વિદાય આપતા વિપક્ષના નેતાનું અસરકારક પ્રવચન : પ્રજાની અપેક્ષાઓ સંતોષવી પડશે

ગાંધીનગર, તા. ૨૧

પ્રધાનમંત્રી બનવા જતા નરેન્દ્ર મોદીને વિપક્ષના નેતા અને તેમના નજીકના મિત્ર શંકરસિંહ વાઘેલાએ અનોખી અને અસરકારક રીતે શુભેચ્છા પાઠવી હતી. વિધાનસભાના આજના સત્ર દરમિયાન તેમણે પોતાના વક્તવ્યમાં મોદીને પ્રજાને આપેલા વચનો પુરા કરવાનુ જણાવી મોદી ભાજપના નહી પરંતુ આખા દેશના પ્રધાનમંત્રી થવાના હોવાનુ ઉમેરી પ્રજાની અપેક્ષાઓ મુજબ કામ કરવા જણાવ્યું હતું.

મોદીનો વિદાય આપવા યોજાયેલા આજના ખાસ વિધાનસભા સત્ર દરમિયાન ગૃહમાં વિપક્ષના નેતા શંકરસિંહ વાઘેલાએ શુભેચ્છા સંદેશ પાઠવતા ભાવિ પી.એમ.ને પ્રજાને આપેલા વચનો પાળવા જણાવ્યું હતું. તેમણે તેમના અસરકારક અને સીધી વાત જેવા વક્તવ્યમાં જણાવ્યું હતું કે દેશમાં બેકારોને નોકરી આપવા, મહીલાઓને ૩૩ ટકા આરક્ષણ આપવાની વાતનો ઉલ્લેખ કર્યો હતો. તેમણે તેમ પણ જણાવ્યુ હતું કે બી.જે.પી.ને ૩૧ ટકા મત મળ્યા છે ત્યારે આ સિવાયના મતદારોની પણ ચિંતા કરવી પડશે. ખેડૂતોને પાણી આપવા ઉપરાંત ગેસ, ગ્રીડ, ક્રુડ રોયલ્ટી પેટ્રોકેમિકલ હબ ગુજરાત બનવુ જોઈએ તેમ જણાવી ગેસ, પેટ્રોલ, ડિઝલ અને ખાતર સસ્તા થવા

● અનુસંધાન પાન-૫ પર



(તસવીર : દિપક જાની)

### બેસણું



સખેદ જણાવવાનું કે અમારા પૂજ્ય માતૃશ્રી **કમળાબેન કાંતિલાલ પટેલનું** **તા. ૧૭-૫-૨૦૧૪** ને શનિવારના રોજ દુઃખદ અવસાન થયેલ છે. સદ્ગતનું **બેસણું તા. ૨૩-૫-૨૦૧૪** ને **શુક્રવારે, સવારે ૮.૦૦ થી ૧૨.૦૦** દરમિયાન રાખેલ છે. શ્રી હરિને ગમ્યું તે ખરું...

**સ્થળ : પ્લોટ ૪૮૨/૨, ગ-૨ રોડ, સેક્ટર-૫ એ, ગાંધીનગર**

લિ.

**ઘનશ્યામ કાંતિલાલ પટેલ** (ડિરેક્ટર, ગાંધીનગર નાગરિક બેન્ક)
**દિપક કાંતિલાલ પટેલ** (મિતુલ ગેસ એજન્સી, ચાંદખેડા)
**હરેશ કાંતિલાલ પટેલ** (દેવલ સ્ટુડિયો, ગાંધીનગર)
(અંબાપુરવાળા)


## હાર્દિક અભિનંદન







**શ્રી નરેન્દ્રભાઈ મોદી**
વડાપ્રધાન

**શ્રી દિપસિંહજી રાઠોડ**
સંસદ સભ્ય
સાબરકાંઠા જિલ્લા

જનતા જનાર્દનના હૃદયસમ્રાટ અને ગુજરાતનું ગૌરવ એવા વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીની અવિરત વિકાસયાત્રામાં સહભાગી તરીકે સામેલ થયેલા સાબરકાંઠા જિલ્લાના પનોતા પુત્ર અને લોકલાડીલા સાંસદ શ્રી દિપસિંહજી રાઠોડને ભવ્યાતિભવ્ય વિજય બદલ અમારા અંતરના હાર્દિક અભિનંદન.

લિ.

**પ્રવિણભાઈ રાવજીભાઈ પટેલ**
પ્રમુખ
તલોદ નગરપાલિકા, તલોદ

